અપીલ અરજી નં.૩૯૦, તા. ૯–૩–૦૯

અરજદારઃ શ્રી સંજય બી. ભાદાણી
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંજય બી. ભાદાણીની તા.૧૩–૨–૦૯ ની અરજીથી (૧) અશ્વનીકુમાર નવાગામ ટી.પી.૪ માં ફાઈનલ પ્લોટ ૫૮ જે સુ.મ.પા.માં ટીડીઓ/૧૦૫૧ તા.૧૪/૧૨/૮૮ ના રોજ નોંધાયેલ છે. તેમા કેટલો ભાગ રેસીડેન્ટમાં છે. અને કેટલો ભાગ કોમર્શીયલ છે અને તેમાં કેટલી જગ્યા સી.ઓ.પી. માં છે અને તેમાં કોનો હકક પ્રાપ્ત થાય? કોર્પોરેશન કે ઓર્ગેનાઈઝર (૨) સોસાયટીના વિકાસના કાર્યો પુરા થશે કે નહી લેખીતમાં કારણ જણાવો વિકાસ કાર્યો પુરા કરવા શું કરવાનું રહે છે. તે અંગે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૯–૩–'૦૯ ની અપીલ અરજી નં.૩૯૦/૨૦૦૮–૦૯

શ્રી સંજય બી. ભાદાણીની તા.૧૩–૨–૦૯ ની અરજીથી (૧) અશ્વનીકુમાર નવાગામ ટી.પી.૪ માં ફાઈનલ પ્લોટ ૫૮ જે સુ.મ.પા.માં ટીડીઓ/૧૦૫૧ તા.૧૪/૧૨/૮૮ ના રોજ નોંધાયેલ છે. તેમા કેટલો ભાગ રેસીડેન્ટમાં છે અને કેટલો ભાગ કોમર્શીયલ છે અને તેમાં કેટલી જગ્યા સી.ઓ.પી. માં છે અને તેમાં કોનો હકક પ્રાપ્ત થાય? કોર્પોરેશન કે ઓર્ગેનાઈઝર (૨) સોસાયટીના વિકાસના કાર્યો પુરા થશે કે નહી લ ેખીતમાં કારણ જણાવો વિકાસ કાર્યો પુરા કરવા શું કરવાનું રહે છે. તે અંગે માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૧૦૭૭ તા.૬–૩–૦૯થી આપેલ માહિતીમાં મુદ્દા નં.૨ નો જવાબ અયોગ્ય હોવાનું જણાવી મળેલ પ્ર તિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૪૬ તા.૧૯–૩–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૦૭૭ તા.૨૪–૩–૦૯ થી અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૩–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૨ થી અશ્વનીકુમાર નવાગામ ટી.પી.૪ માં ફાઈનલ પ્લોટ ૫૮ જે સુ.મ.પા.માં ટીડીઓ/૧૦૫૧ તા.૧૪/૧૨/૮૮ ના રોજ નોંધાયેલ છે. તેમા કેટલો ભાગ રેસીડેન્ટમાં છે અને કેટલો ભાગ કોમર્શીયલ છે તેનો જવાબ અયોગ્ય હોય અપીલ અરજી કરેલ છે. જે સબંધે જાહેર માહિતી અધિકારી તરફથી મંજુર પ્લાનની કોપી રૂ.૩૨૪૫/– ભરપાઈ કર્યેથી આપવામાં આવશે તેવા આપેલ જવાબથી નારાજ હોય મુળ અરજીમાં કેટલો ભાગ રેસીડન્ટ અને કેટલો ભાગ કોમર્શીયલ છે તથા કેટલી જગ્યા સીઓપી માં છે તેનો જવાબ અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરો પડાયેલ જણાતું નથી. તે સિવાયની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પડાયેલ છે.

અરજદારે મૂળ અરજીથી પ્લાન કે તેની નકલની માંગણી કરેલ જણાતી નથી. અપીલના તબકકે પણ અરજદારે સદર માહિતી અયોગ્ય હોવાની રજૂઆત કરેલ છે. આરટીઆઈ કાયદાની કલમ–૭(૯) હેઠળ સામાન્ય રીતે અરજદારે માંગેલ પ્રકારની માહિતી પુરી પાડવાની જોગવાઈ છે સિવાય કે તેમ કરવાથી જાહેર સત્તા મંડળના નાણાકીય સ્ત્રોત બદલાતો હોય અથવા પ્રશ્ન હેઠળના દફતરની જાળવણી કે સુરક્ષાને હાનિકર્તા હોય જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કલમ–૭(૯) ના અપવાદ ઉપસ્થિત કરી જણાવેલ નથી. આરટીઆઈ કાયદાના આમુખથી પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવા બાબતે તેમજ લોકશાહીમાં સુમાહિતગાર નાગરિકો અને માહિતીની પારદર્શિતા અનિવાર્ય હોવા પર ભાર મુકવામાં આવેલ છે તથા કાયદાની કલમ–૨૫ થી જાહેર સત્તા મંડળની કાર્ય પધ્ધતિ કાયદાની જોગવાઈ અને હાર્દ સાથે સંવાદી હોવા બાબતે પણ જોગવાઈ કરવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૨ ની અંશતઃ માહિતીમાં કેટલો ભાગ રેસીડન્ટ અને કેટલો ભાગ કોમર્શીયલ છે તેમજ કેટલી જગ્યા સીઓપીમાં છે તે બાબતેની નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી કલમ–૭(૬) અનુસાર વિના મુલ્યે દિન–૭ માં અરજદારને અત્રેની જાણ હેઠળ માહિતી પુરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સંજય બી. ભાદાણી,